27-10-96
18-6-96
20/5/9



ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૩૨) * આત્મધર્મ * (અંક-૧૨ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ જૂન, ૧૯૯૬

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જઘન્યપાત્ર જો શાસ્ત્રજ્ઞાનકે ઉત્સુક હોતે હૈં વે જ્ઞાનલક્ષ્મીકો ગ્રહણ કરતે હૈં. યહી દાન વે અપની આત્માકો દેતે હૈં. અર્થાત્ શાસ્ત્ર-અભ્યાસ દ્વારા વે અપને આત્માકો જ્ઞાન દેતે હૈં. વે જઘન્યપાત્ર પ્રફુલ્લિત મન હોકર પ્રગટ રહતે હૈં. ઉનકો સમ્યગ્દર્શનકા પ્રકાશ હો જાતા હૈ જિસસે વે આનંદિત રહતે હૈં. અર્થાત્ જઘન્યપાત્રદાન યહ હૈ જો તત્ત્વ-ખોજી શાસ્ત્ર દ્વારા ઐસા જ્ઞાનદાન અપનેકો કરેં જિસસે સમ્યગ્દર્શનકા ઉદય હો જાવે. ૪૫૮. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૭૪)

* નિશ્ચય સ્વરૂપના જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાચલ અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતાં નથી, તોપણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતાં નથી. અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ એકપણું છે એમ માનતાં નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતાં નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે—એમ આચાર્ય માને છે. ૪૫૯, (શ્રી જયસેનાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૪૫)

* સંસારકો અનિત્ય, દુઃખોંકા ઘર વ અસાર વિચારેં, શરીરકો અપવિત્ર વ નાશવંત સોચેં વ ઇન્દ્રિયભોગોંકો ક્ષણભંગુર વ અતૃપ્તિકારી જાનેં. સંસારકી સર્વ પર્યાયેં ત્યાગને યોગ્ય હૈં. કેવલ એક શુદ્ધ આત્માકી પરિણતિ હી ગ્રહણ કરને યોગ્ય હૈ. ઐસા વૈરાગ્ય જિસકો હોગા વહી મોક્ષપ્રાપ્તિ કરનેકા પ્રેમી હોગા. ૪૬૦.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૭૪)

કહાન
સંવત-૧૬
વર્ષ -૫૧
અંક-૧૨
[ ૬૩૨ ]




વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
JUNE
A. D. 1996

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૮ ]

એક કહે કે ક્રમબદ્ધપર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બંને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વને ઊલટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બંનેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે, મીંઢવે છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે—એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, તેને રાગની મીઠાસ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાસ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ...ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે.

—પૂજ્ય ગુરુદેવ

દરેક આત્મામાં અને જડમાં સમયે સમયે જે પર્યાય થવાનો છે તે જ થાય છે એમ સિદ્ધ કરીને તે તે પદાર્થના પરિણામ તે તે દ્રવ્ય સાથે તદ્રૂપ છે, પણ પર સાથે તેને કારણ-કાર્ય ભાવ નથી એમ કહ્યું. જીવ કર્તા થઈને શરીર, મન, વાણીનાં કાર્ય કરે અથવા દાળ-ભાત રાંધવાનાં કે કર્મ બાંધવાનાં કાર્ય કરે એમ બને નહિ. જીવ અને જડમાં જે પરિણામ ક્રમબદ્ધ થવાના તે થવાના છે, માટે આત્મા કર્તા અને જડ તેનું કાર્ય—એમ સિદ્ધ થતું નથી. આત્મા જડનો કર્તા નથી અને જડ તેનું કાર્ય નથી. જડ અને ચેતનમાં નિયતકાળે પરિણામ થાય છે. તેમાં કોણ ફેરફાર કરે ? અહીં જીવને સમજાવવું છે. જીવને પર સાથે કર્તા-કર્મપણું નથી, અજીવનું કાર્ય જીવ કરે તે સિદ્ધ થતું નથી. અજીવને જીવનું કારણપણું સાબિત થતું નથી. જે સમયે જે પર્યાય જીવ અને અજીવની થવાની તે જ થવાની છે. પહેલાં-પછી નથી, આઘી-પાછી નથી. ઓછી-વત્તી નથી. જીવ પોતાના પરિણામથી ઊપજે તો પછી જીવ બીજાને શું ઉપજાવે ? દરેક દ્રવ્ય પોતાના ક્રમથી ઊપજે તો પછી બીજાના કર્તાપણાથી તે ઊપજે એમ છે જ નહિ—માટે નિમિત્ત આવે તો કાર્ય થાય એ પ્રશ્ન રહેતો નથી. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે બીજી અનુકૂળ ચીજને નિમિત્ત કહેવાય એમ માને તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વતંત્ર રહે છે. જીવ પરનું કાર્ય કરે અને પર પદાર્થ જીવનું કામ કરે એમ બને નહિ. પહેલી તો એ વાત છે કે આત્મા અને જડમાં સમયે સમયે ક્રમબદ્ધપર્યાય થાય છે. આત્મા પરનો કર્તા નથી, માટે પર તરફની દૃષ્ટિ હઠાવી, રાગથી દૃષ્ટિ હઠાવી, હું એકરૂપ જ્ઞાયક છું, એવી દૃષ્ટિ કરવા જેવી છે. નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એમ માનતાં પર સાથે કર્તા-કર્મપણું થઈ જાય છે. નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એ માન્યતાનો નિષેધ કરવા આ વાત લીધી છે. તારા સિવાય બીજા બધા પદાર્થોનું કે તેમાંથી કોઈનું કાર્ય તારું છે—એમ સિદ્ધ થતું નથી. જડનાં કાર્ય તેના કાળે થયા કરે છે અને જીવનાં કાર્ય તેના સમયે થયા કરે છે. તેમાં નિમિત્તને મેળવવાની વાત રહેતી નથી. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સમયે સમયે પરિણમી રહ્યું છે, તેથી કોઈને લીધે અન્ય કોઈનું કાર્ય થાય એમ છે જ નહિ. જીવ અને જડનો પર્યાય ક્રમસર થાય છે. તેમાં ત્રણકાળમાં ફેરફાર ન થાય. પર્યાયનો ઉત્પાદક તેનું દ્રવ્ય પોતાની પર્યાય સાથે અનન્ય છે. બીજો આવીને તેનું કાર્ય કરી દે તો અનન્યપણું રહેતું નથી.

વળી કોઈ કહે કે ક્રમસરમાં અમારે શું કરવાનું રહ્યું ? ભાઈ, જડ અને જીવમાં ક્રમસર પર્યાય ચાલુ છે પણ તારે દિશા બદલાવવાની છે. દરેક પદાર્થમાં ક્રમસર પર્યાય થાય તો પછી બીજો તેમાં શું કરે ? આ લાકડું ઊંચું થાય છે, તે લાકડીનું ક્ષેત્રાંતર અને રૂપાંતર ક્રમસર થાય છે. લાકડી તે પર્યાયરૂપે ઊપજે છે,

લાકડી તેનાથી તદ્રૂપ છે. આંગળી તેનો કર્તા અને લાકડી ઊંચી થવી તેનું કાર્ય એમ સિદ્ધ થતું નથી.

છ પદાર્થો, એક એક જીવ, એક પરમાણુ આદિ દરેક દ્રવ્યનો જે સમયે જે પરિણામ થવાનો હોય તે જ થાય. પોતાના પરિણામથી તે દ્રવ્ય તદ્રૂપ છે. બીજો પદાર્થ આવે તો કાર્ય થાય અને ન આવે તો ન થાય—એ વાત રહેતી નથી. અજીવ પોતાના ક્રમબદ્ધપર્યાયથી અનન્ય છે. આંગળીને કારણે લાકડું ઊંચું થયું એમ માને તો કર્તા-કર્મપણું થયું, અને તેમ માનનાર જ્ઞેય સ્વભાવને માનતો નથી.

દરેક પદાર્થ સત્ છે. જીવ સમયે સમયે પોતાના પરિણામોથી ઊપજે છે. દરેક પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પહેલાં સમયે હતા તે બીજા સમયે પર્યાયાર્થિકનયે રહેતાં નથી. દ્રવ્ય જીવ છે, તેના પરિણામમાં ક્ષેત્ર અને કાળ આવ્યા તથા ભાવમાં તેના ગુણો આવ્યા. પહેલાં સમયનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા સમયે નથી. બીજા સમયનાં ત્રીજે સમયે નથી. જીવ ઊપજે છે એમ કહ્યું છે. આમ સમયે સમયે પર્યાય દૃષ્ટિએ ચારે પલટી ગયાં છે. એક એક સમયના સત્ અંશો સ્વયં સિદ્ધ છે, તેને પર વસ્તુ સાથે સંબંધ નથી.

શ્રોતા :—આ સમજીને શું કરવું ?

પૂજ્ય ગુરુદેવ :—સ્વસન્મુખ થઈ આ સમજ્યો તે જ્ઞાતાદ્રષ્ટા થયો અને તેમાં સ્થિર થતાં વીતરાગતા પ્રગટ થશે. જે દ્રવ્ય પર્યાય અપેક્ષાએ પહેલાં સમયે ઊપજ્યું છે, તે બીજા સમયે નથી. ગુણ સદૃશપણે જ ભલે રહ્યો પણ પહેલાં સમયનો ગુણ બીજા સમયે નથી રહ્યો. ઘંટીનું નીચેનું પડ સ્થિર રહે છે ને ઉપરનું પડ ફર્યા કરે છે, તેવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર અને ગુણ સર્વથા કૂટસ્થ રહે છે ને પર્યાય માત્ર બદલ્યા કરે છે એમ છે જ નહિ. પર્યાય દૃષ્ટિએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દ્રવ્ય બદલે છે. પરનાં કાર્ય આત્માથી થતાં નથી. અજ્ઞાની માત્ર અભિમાન કરે છે.

આ ચાર ગાથામાં સાર મૂકી દીધો છે. સર્વ વિશુદ્ધ એટલે જ્ઞાયક માત્ર. નિમિત્ત અને રાગથી પર તથા ગુણભેદથી પણ પર એવા અભેદ સ્વભાવની રુચિ કરવી તે ક્રમબદ્ધપર્યાય સમજવાનું ફળ છે. દરેક દ્રવ્ય કૂદે છે. કૂદનારો (-પરિણમનારો) કર્તા છે, કૂદવું (-પરિણમવું) તે તેનું કાર્ય છે. આત્મા પોતાના અનંતા પરિણામોથી ઊપજે છે. પર્યાય ઊપજે છે, ત્યારે આત્મા અને તેના ગુણો સર્વથા કૂટસ્થ એકરૂપ રહે છે—એમ નથી. આત્મા અને તેના ગુણો પર્યાયદૃષ્ટિએ બદલે છે. આત્મા અને દરેક દ્રવ્ય પોત પોતાના પરિણામથી અનન્ય છે. પરમાણુ પોતાના પરિણામથી ઊપજે

છે. તે પર્યાય સાથે તેનું દ્રવ્ય તન્મય છે. બીજા સમયની પર્યાય સાથે બીજા સમયનું દ્રવ્ય તન્મય છે. આમ તન્મય કહીને આત્મા પરનો કર્તા નથી, પણ માત્ર જ્ઞાતાદ્રષ્ટા છે. એમ સિદ્ધ કરવું છે. દરેક આત્મા અને પરમાણુ પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તદ્રૂપપણે પરિણમે છે, તેને બીજાના કર્તાકર્મની અપેક્ષા નથી. તે વખતે બીજી ચીજ નિમિત્ત હોય તે જ્ઞાન કરવા માટે છે. વિકારી કે અવિકારી પર્યાય બન્ને સુનિશ્ચિત છે, અને તેને અનુકૂળ નિમિત્તો પણ સુનિશ્ચિત છે. કાંઈ ફેરફાર નથી. શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકા અજબ છે. દરેક ગાથામાં ઘણુ રહસ્ય સમાવી દીધું છે. ભેંસના આઉમાં દૂધ હોય તો નીકળે છે, તેમ મૂળ પાઠમાં જે ઊંડા ભાવો ભર્યા છે, તેની ટીકા કરી છે. જુઓ એમની અદ્‌ભુત શૈલી!

જીવ પોતાના પરિણામરૂપે ઊપજતો તેનાથી અનન્ય છે. જેમ એક દ્રવ્ય સમયે સમયે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પલટે છે, તેમ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પલટાવે તો? ના, તેમ બનતું નથી, કેમકે જીવને અજીવનું કાર્યકારણપણું નથી, રોટલી એના કારણે બને છે. તે પરમાણુઓ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ઊપજે છે. દરેક દ્રવ્યની પર્યાય દોડતી છે, પ્રવાહરૂપે પરિણમે છે—એમ પ્રવચનસારમાં કહ્યું છે, તે પ્રવાહક્રમને કોઈ રોકી શકે નહિ અને તે પ્રવાહને બીજો કરી આપે એમ પણ બનતું નથી. સ્ત્રી રોટલીનું નિમિત્ત છે, પણ સ્ત્રી હતી તો રોટલી થઈ એમ માને તો તેમાં કર્તાકર્મપણું થઈ જાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સત્ છે. આત્મા પરથી ભિન્ન છે, રાગથી ભિન્ન છે. પૂર્વ પર્યાયથી ભિન્ન છે. પૂર્વ સમયનો ગુણ પછીના સમયના ગુણથી ભિન્ન છે. અજ્ઞાની પોતાની પર્યાયનો ક્રમ ફેરવવા માગે છે, અને બીજાને નિમિત્ત થઈને તેની પર્યાયનો ક્રમ ફેરવવા માગે છે, પણ એ ભ્રમણા છે. આ સત્ય વસ્તુ સ્વરૂપ છે, તેથી સહેલું છે. જેમ છે તેમ જાણવું તે સહેલું છે. જેમ છે તેમ ન માનવું તે મોંઘું છે. જીવને અજીવ બનાવી શકાય નહિ. જડ અને ચેતનની જેવી મર્યાદા છે તેવી માને તો સમાધાન થાય.

સમયસાર ગાથા ૩૫૬-૬૫ની ટીકામાં જ્ઞાનનો અને આત્માનો તાત્ત્વિક સંબંધ ‘જીવંત’ છે—એમ નીચેના શબ્દોમાં કહેલ છે. “જેનું જે હોય તે તે જ હોય. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (જુદું દ્રવ્ય નથી). આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી,” જીવના જે પરિણામ ઊપજે તે જીવના છે, અને પુદ્‌ગલના જે પરિણામ ઊપજે તે પુદ્‌ગલના છે, તે તાત્ત્વિક સંબંધ જીવંત છે. જીવતો જાગતો સંબંધ મારી નાખે તો પોતે જીવતો રહે નહિ એટલે કે તે જીવને

મિથ્યાશ્રદ્ધા થાય. ભલે નિમિત્ત હોય પણ નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એમ માનનાર તાત્ત્વિક સંબંધને મારી નાખે છે.

અજીવના વર્તમાન કાર્યને આત્માની સાથે સંબંધ નથી. જડની પર્યાયનો કર્તા જડ છે. બીજું દ્રવ્ય તેનો કર્તા નથી. દરેક દ્રવ્યનું પોતાનું કર્તા કર્મ નિરપેક્ષપણે છે. અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે પોતામાં સિદ્ધિ છે. અજીવ પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિણમે છે. કર્તા કર્મ સંબંધમાં અન્યની અપેક્ષા તેને પણ નથી. અજીવનું કાર્ય જીવનું નથી. અજીવનો પર્યાય જે સમયે થાય તે અજીવનો છે. અજીવનું કાર્ય જીવનું છે-એમ સાબિત થતું નથી. અનંતા અજીવોમાં ક્રમસર પરિણામ થાય છે. તેનો કર્તા જીવ છે-એમ સિદ્ધ થતું નથી. જીવ પોતે પોતાના પરિણામથી ઊપજે છે, માટે જીવના કર્તા કર્મ જીવમાં છે, તેને અન્યની અપેક્ષા નથી. છ કારકો જીવના જીવમાં છે, અજીવના અજીવમાં છે. એક દ્રવ્યના કર્તા-કર્મ આદિ બીજા દ્રવ્યમાં નથી માટે કર્તા-કર્મ બીજાની અપેક્ષા વિના સિદ્ધ થાય છે.

કોઈ પૂછે કે આ તો નિરપેક્ષતાની વાત થઈ પણ સાપેક્ષતાની વાત રહી જાય છે. ભાઈ, દરેક પદાર્થમાં બીજાની અપેક્ષા વિના કર્તા કર્મની સિદ્ધિ થાય છે, ત્યારે બીજા અનુકૂળ પદાર્થને નિમિત્ત કહેવો તે સાપેક્ષ કથન છે. કાર્મણવર્ગણાના પરમાણુઓ પોતે કર્મરૂપે પરિણમે છે. પરમાણુ કર્તા અને કર્મ તેનું કાર્ય છે, જીવ કર્તા અને કર્મ તેનું કાર્ય એમ સિદ્ધ થતું નથી. માટે કર્તાકર્મની નિરપેક્ષપણે સિદ્ધિ છે. પહેલાં સમયના છ કારકનું પરિણમન બીજા સમયથી જુદું છે. ગુણોમાં છ કારક આવી ગયા. ગુણો તે પર્યાયપણે ઊપજે છે. ગુણો પહેલાં સમયના છ કારકોરૂપે પરિણમ્યા તે વખતે પહેલાં સમયની પર્યાય સાથે તે ગુણો પરિણમ્યા છે. પહેલાં સમયના ગુણો બીજા સમયની પર્યાય સાથે તન્મય નથી. તો પછી બીજા પદાર્થો સાથે પર્યાય તન્મય હોઈ શકે તેમ કદી બનતું નથી. માટે જીવને જડનું કર્તાપણું સિદ્ધ થતું નથી, અને તેથી જીવ અકર્તા ઠરે છે—એમ યુક્તિ ન્યાયથી સાબિત કર્યું. જીવ-અજીવના પર્યાયને આઘો-પાછો કરે તેમ બને નહિ. અથવા અજીવ જીવમાં ફેરફાર કરે તેમ બનતું નથી. અજ્ઞાની માને છે કે હું નિમિત્ત થઈને પરની પર્યાયને ફેરવી દઉં, પણ અજ્ઞાનીના અજ્ઞાનનો જગતમાં કોઈ વિષય નથી. જ્ઞાનીના જ્ઞાનનો વિષય છે. વળી કોઈ કહે કે નિમિત્ત દ્રવ્યને પરિણમાવે નહિ પણ નિમિત્ત પામીને દ્રવ્ય સ્વયં પરિણમી જાય પણ એ ભ્રમ છે કેમકે એવી માન્યતામાં કર્તાકર્મ બુદ્ધિ રહેલી છે. "નિમિત્ત પામીને" એ તો વ્યવહારનું કથન છે. જગતનો કર્તા ઈશ્વર છે એમ માનનારની જેમ તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. વેપારની કે સગપણની વાત ચાલે તેમાં બધા રસ લ્યે પણ આમાં

કેટલાકને તે રસ લેવાની ગરજ નથી. અહીં છેલ્લો સરવાળો લ્યે છે. અજીવને સમજાવવું નથી પણ જીવને સમજાવવું છે. અજ્ઞાની બહારમાં રોકાણો છે. આહાર આદિનું ક્ષેત્રાંતર-ભાવાંતર-રૂપાંતર તેના કારણે થાય છે, નિમિત્તને લીધે નહિ. દરેક દ્રવ્યમાં પોત પોતાના કારણે પરિણામ થાય છે એમ માને તો નિમિત્ત નૈમિતિક સંબંધ સાચો ઠરે છે.

આ ચૈતન્ય ચમત્કાર છે, ચમત્કાર ત્યાં નમસ્કાર. તે આ ચમત્કાર છે. દરેક દ્રવ્યમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સમયે સમયે ફેરફાર થાય છે. પહેલાં સમયનું દ્રવ્ય બીજે સમયે ન રહે, છતાં બીજે સમયે રાખવા માગે તો ભ્રાંતિ રહે છે, તો પછી બીજો આવીને પર્યાય કરી આપે એમ માને તો સ્થૂલ ભ્રાંતિ છે. જેમ લૌકિકમાં પારાયણ સપ્તાહ ચાલે છે. તેમ આ ક્રમબદ્ધપર્યાયની સપ્તાહ પારાયણ આજે પૂરી થાય છે. કોઈ ચારણિયાણી કોઈ રાજાને ચાંલ્લો કરવા ગઈ ત્યારે રાજાની તેના ઉપર ખરાબ દૃષ્ટિ થતાં ચાંલ્લો ન કરાવ્યો અને મોઢું ફેરવી લીધું તેથી તે જોઈએ તેની માતાને તે વાત કહી કે બા, રા ' ફરે છે. માતાએ કહ્યું કે એ ફરતો નથી પણ રા'નો દિ ફર્યો છે, કેમકે અમો દીકરી તરીકે રાજા પાસે આવીએ છીએ, અને તે અમારી સામે ખરાબ નજરે જુએ છે, તેથી તેનો દિ ફર્યો છે. તે દૃષ્ટાંતની જેમ જ્ઞાયક ભગવાન આત્માની પરમ સત્ય વાત બહાર આવી, અને તેના રાજસ્થાનમાં બેસાડવાની વાત બહાર આવી ગાદીએ બેસાડવાની વાત આવી, ચૈતન્યને ગાદીએ બેસવાનાં સુખ આવ્યા ત્યારે અજ્ઞાની કહે છે કે "ના. અમારે આત્માની વાત સાંભળવી નથી. કાંઈક નિમિત્ત જોઈએ, વ્યવહાર જોઈએ-એમ કહી ચૈતન્યસ્વભાવથી વિમુખતા કરે છે." ત્યારે જ્ઞાની કહે છે કે તારો દિ ફર્યો છે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જાય છે. આત્મા ચૈતન્યસંપદાવાન છે. જ્ઞાયકપણે ક્રમબદ્ધપર્યાયનો જાણનાર છે, એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ગાદીએ બેસવાનાં ટાણાં આવ્યાં ત્યારે લોકો વિરોધ કરવા માંડયા કે "એકાંત છે માટે અમોને એ વાત માન્ય નથી—" તો એમ કહેનારનો રાજાની જેમ દિ ફર્યો છે, અને તે ઊંધે રવેડે ચડયા છે.

જીવ પરનો કર્તા નથી, એટલે અકર્તા ઠરે છે. જાણવા-દેખવાનો સ્વભાવ છે—એમ નક્કી કરી સ્વરૂપમાં લીન થવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. પરનો ફેરફાર કરનાર નથી. આમ વિષમ દૃષ્ટિ ટાળી સ્વભાવ દૃષ્ટિ કરે તો કેવળજ્ઞાન પ્રગટ થાય તેમ છે.

[ ક્રમશઃ ]

[ પંડિત બનારસીદાસજીએ ભગવાનના સહસ્રનામવાળા સ્તવનમાં ભગવાનનું એક નામ 'ક્રમવર્તી' આપેલ છે, તે યથાર્થ છે. પોતામાં ક્રમવર્તી પર્યાય થાય છે—એમ જે યથાર્થ માને ને જાણે તે 'ભગવાન' થાય. —પૂજ્ય ગુરુદેવ ] ✻

# □ જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કેમ? □

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૫ )

શ્રી નાટક સમયસારના આ કર્તાકર્મક્રિયા અધિકારના શ્લોક ચાલે છે

जीव चेतना संजुगत सदा पूरण सब ठौर ।
तातैं चेतनभावकौ, करता जीव न और ॥ २१ ॥

અર્થ :—જીવ ચેતનાસહિત છે. સર્વ સ્થાનમાં સદા પૂર્ણ છે, એ કારણે ચેતનભાવોનો કર્તા જીવ જ છે, બીજું કોઈ નથી.

અહીં વિકાર પરિણામને સિદ્ધ કરવો છે. જીવ કર્મચેતનાપણે પરિણમે તે પણ પોતાથી જ પરિણમે છે, કર્મનો ઉદય આવ્યો માટે કર્મચેતનારૂપે થાય છે એમ નથી. જીવ રાગરૂપે, દ્વેષરૂપે, વાસનારૂપે એમ અનેક પ્રકારે કર્મચેતનારૂપે પરિણમે છે તે પોતાના પર્યાયસ્વભાવના કારણે પરિણમે છે. કર્મનો ઉદય જીવને વિકારરૂપે પરિણમાવી શકતો નથી. વિકારરૂપે પરિણમવાનો જીવનો પોતાનો ( વિભાવ ) સ્વભાવ છે તે બીજા દ્રવ્યની અપેક્ષા રાખતો નથી. દ્રવ્યને પરિણમવું ન હોય અને બીજું દ્રવ્ય પરિણમાવી દે એમ કદી બની શકતું જ નથી.

જ્ઞાનાવરણીનો જેટલો ઉઘાડ હોય એટલો જ ક્ષયોપશમ જીવને થાય અને જ્ઞાનાવરણીનો જેટલો ઉદય હોય એટલું જીવનું જ્ઞાન વિઘ્ન પામે એવી એકાંત માન્યતાનો અહીં નિષેધ કરે છે. જીવ પોતે ચેતના સંયુક્ત છે અને તે સદા બધી જગ્યાએ પૂર્ણ છે એટલે કે સ્વતંત્ર છે. જ્યારે જેવા ભાવરૂપે પરિણમવાની લાયકાત હોય તે તે ભાવરૂપે જીવ સ્વયં પરિણમે છે. કર્મના કારણે કે પોતાની પૂર્વપર્યાયના કારણે વર્તમાન પર્યાય થતી નથી.

૯૫ની સાલમાં રાજકોટ પ્રશ્ન થયો હતો કે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો જીવને તીવ્ર વિકારરૂપે પરિણમવું જ પડે ને? એ વાત ખોટી છે. જીવને કર્મના ઉદય અનુસાર પરિણમવું જ પડે એમ નથી અને જીવના પરિણામ અનુસાર કર્મને પરિણમવું જ પડે એમ નથી. બંને દ્રવ્ય સ્વતંત્ર છે તે પોતપોતાની લાયકાતથી પરિણમે છે.... **चेतनभावको करता जीव न और ।**

નદીના પાણીનું જોર હોય તો માણસ તણાઇ જાય એમ કહેવાય છે અને એમ બનતું દેખાય છે. ઉમરાળામાં એક બ્રાહ્મણનું એવું બનેલું. પણ અહીં કહે છે કે એ પરમાણુની અને એ જીવની એ સમયે એમ જ પરિણમવાની લાયકાત હોય માટે એમ પરિણમે છે.

લોકો તો એમ જ કહે કે કર્મ ઉદય બળવાન છે, નહિ પુરુષ બળવાન; પણ ભાઈ! એમ નથી. તારા પરિણામ ઢીલા હોય ત્યારે ઉદયને બળવાન કહેવાય છે પણ ઉદયના કારણે તારા પરિણામ ઢીલા છે એમ નથી.

અહા! નવતત્ત્વની અવસ્થાની સ્વતંત્રતાની હજુ જેને ખબર નથી તેને એકલા જ્ઞાયકમૂર્તિ આત્માના આશ્રયે જ ધર્મ થાય તેની ગંધ પણ આવતી નથી.

પોતાની વિકારી પર્યાય જેટલા પ્રમાણમાં કરે તેનો કર્તા જીવ છે. કર્મનો ઉદય તેને પરિણમાવતો નથી. પરિણમનની શક્તિ દ્રવ્યની છે માટે પરિણમે છે એવું વસ્તુનું સ્વતંત્રસ્વરૂપ છે એમ જાણતાં એની પરાધીનદૃષ્ટિ છૂટીને સ્વાધીન થાય છે કે સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને હું વિકાર ન કરું તો ન થાય એ મારા અધિકારની વાત છે.

હવે શિષ્ય ફરી પ્રશ્ન કરે છે :—

ग्यानवन्तकौ भोग निरजरा-हेतु है ।
अज्ञानीकौ भोग बन्ध फल देतु है ॥
यह अचरजकी बात हिये नहि आवही ।
पूछै कोउ शिष्य गुरू समझावही ॥ २२ ॥

અર્થ:—'હે ગુરુજી! જ્ઞાનીના ભોગ નિર્જરાને માટે છે અને અજ્ઞાનીના ભોગોનું ફળ બંધ છે, એ આશ્ચર્યકારી વાત મારા મનમાં ઠસતી નથી.' તેને શ્રીગુરુ સમજાવે છે.

શિષ્ય ગુરુને કહે છે કે આપે કહ્યું કે જ્ઞાનીને પૂર્વ કર્મનો વિપાક ખરી જાય છે અને અજ્ઞાનીને તો પૂર્વકર્મનો ઉદય આવે છે અને તે વખતે નવો બંધ થાય છે આ વાતનું અમને તો અચરજ આવે છે. મગજમાં વાત બેસતી નથી. એમ શિષ્યને મનમાં આશંકા ઊઠી છે તેને ગુરુ સમજાવે છે તે કળશ આ પ્રમાણે છે.

दया-दान-पूजादिक त्रिषय-विपाकादिक,
दोऊ कर्मबन्ध पै दुहूकौ एक खेतु है ।
ग्यानी मूढ करम करत दीसैं एकसे पै,
परिनामभेद न्यारौ न्यारौ फल देत है ॥

ग्यानवन्त करनी करै पै उदासीन रूप,
ममता न धरै तातैं निर्जराकौ हेतु है ।
वहै करतूति मूढ करै पै मगनरूप,
अंध भयौ ममतासौं बन्ध–फल लेतु है ॥ २३ ॥

અર્થ :—દયા, દાન, પૂજાદિ પુણ્ય અથવા વિષય-કષાયાદિ પાપ બંને કર્મબંધ છે અને બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. આ બંને પ્રકારના કર્મો કરવામાં સમ્યગ્જ્ઞાની અને મિથ્યાજ્ઞાની એકસરખા દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે તેથી નિર્જરાનું કારણ છે અને તે જ ક્રિયા મિથ્યાત્વી જીવ વિવેક રહિત તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત કરે છે તેથી તે બંધ અને તેના ફળને પામે છે.

જુઓ ! આમાં સમજાણું કાંઈ ! ધર્મી તેને કહીએ કે જેને શુભાશુભ આવે છે પણ તેનો સ્વામી થતાં નથી. પોતાના સ્વભાવભાવપણે તેને ખતવતાં નથી. કારણ કે જ્ઞાનીને પોતાના જ્ઞાનાનંદસ્વરૂપનો અનુભવ થયો છે તેથી પુણ્ય-પાપભાવ આવતાં હોવા છતાં જ્ઞાની તેનાથી વિરક્ત છે, તેમાં જ્ઞાનીની દૃષ્ટિ નથી. તેમાં જ્ઞાનીને અહમ્ બુદ્ધિ નથી. ન્યારો ન્યારો રહે છે. રાગ આવે છે પણ તે ઝેર જેવો લાગે છે. રાગમાં અહમ્પણું થતું નથી.

શરીર, કર્મ અને રાગથી ભિન્ન અને જ્ઞાનાનંદના ભંડારથી ભરેલ આત્માનું જેને ભાન થાય તેને પોતાના સ્વભાવમાં જ અહમ્પણું રહે છે પણ વિભાવપરિણામમાં અહંપણું કે એકત્વપણું રહેતું નથી. દયા, દાન, પૂજા હો કે વિષય-કષાયાદિ અશુભભાવ હો, બંને બંધના કારણ છે. હું તો એ બંને પ્રકારના ભાવોથી રહિત છું અને જ્ઞાનાનંદથી સહિત છું એમ જ્ઞાનીએ પોતાના સ્વભાવને અનુભવ્યો છે, જ્ઞાનમાં સ્વભાવને જ્ઞેય તરીકે જાણ્યો છે અને શ્રદ્ધામાં શ્રદ્ધ્યો છે કે હું તો પુણ્ય-પાપરહિત જ્ઞાનસ્વરૂપી વસ્તુ છું. આવા શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ હોવાના કારણે ધર્મી પુણ્ય-પાપમાં વર્તતા દેખાય છે છતાં તેનાથી વિરક્ત છે. તેમાં ધર્મીને અહમ્પણું નથી.

અજ્ઞાની એવા જ પુણ્ય-પાપભાવમાં વર્તે છે પણ તેને પરિણામમાં એકત્વપણું છે, વિરક્તપણું નથી તેથી તે પરિણામ અજ્ઞાનીને નવા બંધનનું કારણ થાય છે અને જ્ઞાનીને તે પરિણામમાં એકત્વપણું નથી માટે નવો બંધ થતો નથી. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું એટલે ભોગનો ભાવ કાંઈ નિર્જરાનો હેતુ નથી પણ તે ભાવ ફળ આપ્યા વિના ખરી જાય છે.

જ્યાં ચૈતન્યભગવાન અનંત આનંદ અને જ્ઞાનરસથી ભરપૂર છે તે ભર્યા ભંડાર ઉપર ધર્મીની દૃષ્ટિ છે તેથી પુણ્ય-પાપના વિકલ્પમાં તેને એકતા થતી નથી તેથી અહમ્‌પણું પણ થતું નથી તેથી તે પરિણામો નિર્મળ હોવાથી તે ભાવ ખરી જાય છે. જે આત્માનો ભાવ નથી તે ખરી જાય છે એમ સિદ્ધ કરવું છે.

**ग्यानवन्त करनी करै पै उदासीनरूप** જ્ઞાનવંત જ્ઞાનીને પોતાની નબળાઈ વશ વિષય-કષાયાદિ અશુભભાવ અને દયા, દાન, પૂજા આદિ શુભભાવ હોય છે પણ તેમાં રસ નથી, ઉદાસીનરૂપ છે એટલે કે શુભ-અશુભભાવ તેને ઝેર જેવા લાગે છે તેથી તેને પોતાના સ્વભાવમાં એકપણે કરતો નથી. તેની દૃષ્ટિ અને જ્ઞાન તો ત્યાંથી ખસી ગયા છે પણ ભૂમિકા અનુસાર જોડાણ છે તેમાં ઉદાસીનતા વર્તે છે.

રાગની તીવ્રતા હોય, અનીતિના ભાવ તીવ્ર હોય અને કોઈ નિર્વિકલ્પ અનુભવ કરવા માંગે તો ન થઈ શકે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે હજુ તો પરની મમતાના ભાવ શ્રદ્ધામાં પડ્યાં છે અને નિર્વિકલ્પ થવા માંગે તે નિર્વિકલ્પ ક્યાંથી થાય! ન થાય. હજુ તો પાત્રતાના પણ ઠેકાણાં ન હોય અને એમ માને કે ભોગ તો નિર્જરાનો હેતુ છે તો એ સ્વચ્છંદી—મરી જશે. (તેના ભોગો તીવ્ર બંધનું કારણ થાશે, નિર્જરાનું નહિ.)

અહીં તો જેને રાગ અને નિમિત્તથી ખસીને સ્વભાવનો અનુભવ થયો છે તેને સ્વભાવના અનુભવના પરિણામમાં રાગની એકતા રહેતી નથી, વિરક્તિ રહે છે એટલો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ થયો છે, તેની વાત છે. તેને રાગ આવીને છૂટી જાય છે, સ્વભાવમાં એકપણે થતો નથી. ધ્રુવસ્વભાવની દૃષ્ટિના જોરમાં રાગ ટકી શકતો નથી. સમયસારની ૧૧મી ગાથામાં લીધું છે—શુદ્ધનય અનુસાર જ્ઞાન થવા માત્રથી 'હું આ આત્મા છું અને રાગ હું નહિ' એવું ભેદજ્ઞાન થઈ જાય છે. શુદ્ધનયનો વિષય ધ્રુવ છે માટે હું શુદ્ધનયસ્વરૂપ છું એમ લેતાં રાગાદિથી ભેદજ્ઞાન થઈ જાય છે.

વીતરાગનો મારગ ઝીણો બહુ છે.

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે કારણ કે જ્ઞાનીના પરિણામ જ્ઞાનમય છે. જ્ઞાન અને આનંદના પરિણામ ઊઠે છે તેની સાથે વિકલ્પ-રાગાદિ પરિણામ પણ ઊઠે છે પણ તેમાં જ્ઞાનીને એકતા નથી, અહમ્ નથી તેથી તે છૂટી જાય છે.

નોઆખલીમાં બન્યું હતું તેમ, મા અને દીકરાને ભેગા કરે તો એને એમ થાય કે જમીન જગ્યા આપે તો સમાઈ જઈએ પણ આ દશા અમને ન હો. તેમ, ધર્મીને રાગાદિ પરિણામ સાથે એકત્વ કરવા માંગે તો કદી થાય નહિ. ભલે પૂજાના

પરિણામ હો કે ભક્તિના હો પણ જેમાંથી એકતા તૂટી ગઈ તેમાં કદી અહમ્—મારાપણું થતું નથી. ધર્મીનું અહમ્પણું તો જ્ઞાનાનંદસ્વભાવમાં છે.

આ માત્ર વાતો નથી. આ તો ભાવની વાત છે. જ્ઞાનીને ભાવો જ આખા બદલી ગયા છે. 'અહો! હું તો આનંદનો સાગર છું, હું વિકારનો સાગર નથી, વિકારની પાછળ હું નથી.' રાગની સમીપતા છોડીને જ્ઞાની આનંદની સમીપતામાં આવી ગયા છે. એવી દશાને ધર્મ કહેવાય બાપુ! આ કાંઈ વાત કરવાની કે બોલવાની ચીજ નથી, આ તો અંદરમાં ઉતરવાની ચીજ છે.

સામે ઇન્દ્રાણી આવીને ઊભી હોય અને ઇન્દ્રને જરા વિકલ્પ ઊઠે કે 'આ ઠીક છે' તે વિકલ્પ તેને ઝેર જેવો લાગે છે અને એ જગ્યાએ અજ્ઞાની હોય તો તેને એ વિકલ્પમાં મીઠાશ આવે છે. આટલો જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર છે.

'જ્યાં હું છું ત્યાં રાગ નથી અને જ્યાં રાગ છે ત્યાં હું નથી' એવા ભેદજ્ઞાનના પરિણામને કારણે જ્ઞાનીને કર્મ ભિન્નપણે ઉદયમાં આવે છે અને ભિન્નપણે ખરી જાય છે. એ કર્મના પરમાણુ કે વિકલ્પ આદિ આવે છે તેમાં હુંપણું થતું નથી તેથી તે ખરી જાય છે. 'આ રાગ તે હું છું' એમ નહિ થવાથી, અને આ જ્ઞાન અને આનંદ તે હું છું એમ રહેવાથી જ્ઞાનીને પૂર્વકર્મનો ઉદય આવીને ખરી જાય છે.

**वहै करतूति मूढ करै पै मगनरूप** એ જ ભગવાનની પૂજા, વ્રત, તપ, દયા, દાન આદિ શુભપરિણામ અને હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભ પરિણામ અજ્ઞાનીને આવે છે તેમાં તે તન્મય થઈ જાય છે—મગ્ન થઈ જાય છે તેથી રાગમાં આંધળો થઈને એટલે કે રાગમાં મીઠાશ વેદતો નવા બંધને કરે છે. રાગને મીઠાશથી વેદતો અજ્ઞાની મિથ્યાત્વ અને અજ્ઞાનાદિના બંધ અને તેના ફળને પામે છે. જ્ઞાનીને તો રાગમાં એકતા નથી, અહમ્પણું નથી, મીઠાશ નથી તેથી રાગ આવીને ચાલ્યો જાય છે—ટળી જાય છે અને નવા મિથ્યાત્વાદિ કર્મ બંધાતા નથી એમ કહેવું છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એટલે કાંઈ એ ભોગનો ભાવ નિર્જરાનું કારણ નથી એ તો બંધનું કારણ છે પણ અબંધસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાનને કારણે જ્ઞાનીને શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા ઘટે છે તેથી નિર્જરા કહેવામાં આવી છે માટે, જ્ઞાનીની દૃષ્ટિ અને જ્ઞાનનું જોર છે તે નિર્જરાનું કારણ છે, રાગ નિર્જરાનું કારણ નથી. રાગમાં એકતા કે મમત્વ નથી તેથી તે ટળી જાય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ તો વિવેક રહિત, તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત શુભાશુભ-

ભાવ કરે છે તેથી તે બંને ભાવમાં બંધ અને તેના ફળને પામે છે. વિષય-કષાયથી પાપબંધ થાય છે અને પૂજા, દયા, દાનાદિ શુભભાવથી પુણ્યબંધ થાય છે. પણ બંને કર્મબંધના કારણ છે અને બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. શુભભાવ આત્માના આશ્રયે થાય છે અને અશુભ પરના આશ્રયે થાય છે એમ નથી. બંને પ્રકારના ભાવ નિમિત્તના લક્ષે, પરને અનુસરીને જ થાય છે માટે બંને બંધના કારણ છે.

શુભ અશુભ બંને ક્રિયા બહારથી તો જ્ઞાની અને અજ્ઞાનીની સરખી દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવરૂપ વ્યવહારથી પણ ધર્મી મુક્ત છે, તેમાં રક્ત નથી માટે ધર્મીને તે નિર્જરાનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ તો બંને પ્રકારની રાગની ક્રિયામાં તલ્લીન છે, તેને પોતાનું સ્વરૂપ માને છે, તેનાથી પોતાને લાભ માને છે, હિતકર માને છે તેથી તેનામાં એ ભાવોથી ભિન્ન રહેવાની તાકાત નથી તેથી તે કર્મથી બંધાય છે અને તેના ફળને પામે છે.

એક ભાઈ કાલે આવ્યા હતાં કે, મુંજવણ થાય છે, કાંઈ સૂઝ પડતી નથી. કરવું શું ? —ભાઈ ! નિત્ય, સ્થિરબિંબ જ્ઞાનાનંદસ્વભાવમાં દૃષ્ટિ સ્થાપવી અને જ્ઞાનને તેમાં રોકવું એ કરવાનું છે, તેમાં મુંજવણ તો કયાંય છે જ નહિ. એ તે મુંજવણ મટાડવાનો ઉપાય છે.

કાલે છોકરાઓ પ્રશ્ન લાવ્યા હતાં કે, સિદ્ધો પણ શ્રદ્ધાના બળે સંસારમ પાછા આવતાં નથી. માટે શ્રદ્ધાનું બળ જ મુખ્ય છે ને ? હા, શ્રદ્ધાના બળની ન નથી પણ તે શ્રદ્ધાને જાણી કોણે ? શ્રદ્ધાને તો તેના વિષયની ખબર નથી. તેને જાણનારુ તો જ્ઞાન છે માટે જ્ઞાનનું પણ એટલું જ જોર છે. શ્રદ્ધા અને જ્ઞાન બંનેનું જોર સાથે જ છે. ૧૧મી ગાથા તો જૈનદર્શનના પ્રાણ છે. તેમાં કહ્યું કે શુદ્ધનય અનુસાર બો થવા માત્રથી શ્રદ્ધા થાય છે તેનું નામ સમ્યગ્દર્શન છે. શુદ્ધનય પોતે જ્ઞાન છે અને તેનો વિષય ત્રિકાળ ધ્રુવ આત્મા છે તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. જુઓ, અ જૈનદર્શનના પ્રાણ એટલે વસ્તુદર્શનના પ્રાણ એવી ગાથામાં જ્ઞાનનું જોર બતાવ્યુ છે. માટે શ્રદ્ધાનો કે જ્ઞાનનો કે એવો કોઈ પણ એક વિચારને વ્હાલો કરીને ખેંચા નહિ. એમ ખેંચે તો તો સ્વચ્છંદ થઈ જાય અને સ્વચ્છંદ થતાં એકાંત થઈ જાય થોડા ફેરમાં મોટો ફેર પડી જાય છે તેની એને ખબર નથી. સિદ્ધને શ્રદ્ધાના જોરથી સંસારની ઉત્પત્તિ થતી નથી. પણ એ શ્રદ્ધા કોના બળે થઈ એ પણ સમજવું જોઈએ જ્ઞાનનો બોધ થવા માત્રથી શ્રદ્ધા થાય છે એમ કહ્યું છે.

નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની... તેનો અર્થ કરો —નય એટલે જ્ઞાન અને તેનો વિષય અભેદ આત્મા છે. તેના આશ્રયે નિર્વાણની પ્રાપ્તિ થાય છે. માટે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય તેના આશ્રયે થાય છે. અરે! અનંતગુણની પર્યાય તેના આશ્રયે થાય છે. એક પર્યાય સ્વ તરફ ઢળે છે ત્યારે અનંતી પર્યાય સ્વ તરફ ઢળે છે. બધાં ગુણો એકસાથે જ છે. વ્યાખ્યા કરવામાં કોઈ જગ્યાએ શ્રદ્ધાની અને કોઈ જગ્યાએ જ્ઞાનની મુખ્યતાથી કથન આવે પણ તેમાં ખેંચવાનું ન હોય. દૃષ્ટિનો વિષય જે છે તે જ શુદ્ધનયનો વિષય છે અને તે વિષયને જ શુદ્ધનય કહ્યો છે.

આમ એક એક વાતને ખેંચે તો તો ભાગલાં પડતાં જાય, સ્વચ્છંદ વધતો જાય, એમ ન હોય. જ્યાં જે યોગ્ય હોય તેમ સમજવું જોઈએ. શ્રદ્ધાનું બળ છે પણ શ્રદ્ધા પોતે કોણ છે અને તેનો વિષય શું છે એ તો શ્રદ્ધાને ખબર નથી. શ્રદ્ધા તો આંધળી છે. જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાન સિવાય કોઈ ગુણ સ્વને કે પરને જાણતા નથી. તેથી તો બધાં ગુણોને નિર્વિકલ્પ કહ્યાં છે અને જ્ઞાનને સવિકલ્પ કહ્યું છે. જ્ઞાનની પર્યાય સર્વને જાણવાનું કાર્ય કરે છે પણ તેને આશ્રય તો ધ્રુવનો છે. આવી વાત છે. જેનાથી આ તત્ત્વ મળ્યું છે તે શું કહેવા માંગે છે એ સમજવું જોઈએ. સમજ્યા વગર વાત ન થાય. પણ અનાદિથી જીવોને અટકવાના કારણના પાર નથી.

અત્યાર સુધી જે કોઈ સિદ્ધ થયા તે અને જે કોઈ સિદ્ધ થશે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે અને થશે. એમ કહ્યું છે. શ્રદ્ધાથી સિદ્ધ થાય છે એમ કહ્યું નથી.

શ્રોતા :—બીજી જગ્યાએ સમકિતને સિદ્ધ થવાનું કારણ પણ કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ બધા ગુણ સાથે જ છે. પણ બધાંને જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાન સિવાય જાણે કોણ? શ્રદ્ધા ઊંધી હોય કે સવળી થાય તેને જાણનાર તે જ્ઞાન છે ને! માટે, પંચાધ્યાયમાં તો કહ્યું છે કે કોઈ પણ ગુણની વ્યાખ્યા તેના જ્ઞાન વગર થઈ શકતી નથી માટે જ્ઞાન પ્રધાન છે.

માણસને અભિમાન થઈ જાય છે કે અમે તો શ્રદ્ધાના જોરવાળા છીએ, જ્ઞાનના જોરવાળા તો શિથિલ છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં જ્ઞાનને શિથિલ કહ્યું છે તે તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદવાળા જ્ઞાનની વાત છે. શુદ્ધનયનો વિષય તો અભેદ આત્મા છે. નિશ્ચયનયાશ્રિત મુનિવરો જ નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૭-૧૮માં પણ જાણેલાની જ શ્રદ્ધા થાય છે એમ કહ્યું છે. જ્ઞાન વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગડા સમાન છે. શ્રીમદ્ પણ કહે છે—દર્શનમોહને હણનાર

જ્ઞાન છે. ચારિત્રમોહને વીતરાગતા હણે છે. દર્શન, જ્ઞાન કરતાં ચારિત્રમાં અનંતગુણો પુરુષાર્થ જોઈએ છે. પણ એ ચારિત્ર કે જ્ઞાનાદિની પર્યાય ઉપર લક્ષ કરવાથી ચારિ પ્રગટતું નથી, દ્રવ્યનું લક્ષ કરતા ચારિત્ર પ્રગટ થાય છે. પુરુષાર્થ તો બધો પર્યાયમ થાય છે પણ પુરુષાર્થ થાય ક્યારે?—કે અખંડ દ્રવ્યસ્વભાવનું લક્ષ કરે ત્યા પુરુષાર્થ પ્રગટ થાય છે.

અહીં કહે છે કે અજ્ઞાનીને રાગમાં એકતા છે. બીજી ગાથામાં કહ્યું ને !.. 'જે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એટલે કે આત્મામાં સ્થિત છે તે 'સ્વસમય' છે અ જે રાગ અને પુદ્‌ગલ કર્મમાં સ્થિત છે તેને 'પરસમય' જાણો.' ચૈતન્યસ્વરૂપના ભા વિનાનો અજ્ઞાની રાગની ક્રિયામાં આંધળો થઈ ગયો છે. દયા, દાન, વ્રત, તપાદિન વિકલ્પ મારા છે અને તેની ક્રિયાથી મારું કલ્યાણ છે—એમ અજ્ઞાની રાગમાં આંધળો થયો છે. તેથી તે બંધ અને તેના ફળને પામે છે.

હવે મિથ્યાવીના કર્તાપણાની સિદ્ધિ ઉપર કુંભારનું દૃષ્ટાંત આપે છે. ટીકાકા પોતે જ દૃષ્ટાંત આપ્યું છે. જ્ઞાનીના બધાં પરિણામ જ્ઞાનમય છે તેનો અર્થ કળશટીકામ કેવો કર્યો છે? જુઓ... ૨૨મા કળશના અર્થમાં-' સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામે બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગ-અભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદ ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિના ઘટે છે...' ભાષ જુઓ, પરિણામ જ્ઞાનજાતિના છે એટલે કે તેનું જ્ઞાન થાય છે, વિકાર થાય છે તેનુ જ્ઞાન થાય છે તે જ્ઞાન પોતાનું છે. રાગાદિ વિકલ્પ આવે છે એ જ વખતે તે સંબંધ જ્ઞાન થાય છે તે રાગની જાતનું નથી પણ જ્ઞાનની પોતાની જાતનું છે અને તે જ્ઞાન રાગથી થયું નથી પણ પોતાથી થયું છે માટે કહ્યું કે જ્ઞાનીના જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે અને અજ્ઞાનીના બધાં ભાવમાં રાગમાં એકતાબુદ્ધિ હોવાના કારણે અજ્ઞાનજાતના પરિણામ છે તેથી તે બંધના કારણ થાય છે.

રાગથી ખસીને, આત્માની ધ્રુવતાનું ભાન થયું તે જ્ઞાનના કાળમાં જ્ઞાનીને રાગાદિ જે કોઇ પરિમામ થાય છે તેનું જ્ઞાન છે તે પરિણામ જ્ઞાનની જાતિના છે અજ્ઞાનની જાતિના નથી. માટે તે પરિણામ સંવર, નિર્જરાનું કારણ છે. રાગ થાય છે તે જ્ઞાન જાતિનો નથી પણ તેનું જ્ઞાન થાય છે તે પોતાથી થયું છે માટે તે જ્ઞાનજાતનુ છે. અને અજ્ઞાનીની તો દૃષ્ટિ જ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ ઉપર પડી છે તેથી તેના પરિણામ અજ્ઞાન જાતિના છે, આત્માની જ્ઞાનજાતિના નથી. અજ્ઞાન છોડીને જ્ઞાનમય પરિણામ કરવામાં પુરુષાર્થ માગે છે, આમ ને આમ થઈ જાય તેમ નથી.

હવે ૨૩ મા કળશનું ૨૪ પદ્ય છે તેમાં દ્રષ્ટાંત કહે છે.

ज्यों माटीमैं कलस होनकी, सकति रहे ध्रुव ।
दंड चक्र चीवर कुलाल, बाहिज निमित्त हुव ॥
त्यौं पुद्गल परवांनु. पुंज वगरना भेस धरि ।
ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि ॥
बाहिजि निमित्त बहिरातमा,
गहि संसै अग्यानमति
जगमांहि अहंकृत भावसौं,
करमरूप हैं परिनमति ॥ २४ ॥

જેવી રીતે માટીમાં ઘડારૂપ થવાની શક્તિ સદા મોજૂદ રહે છે. જે સમયે ઘડો થાય છે તે સમયે માટીમાં ઘડો થવાની યોગ્યતા નિશ્ચયથી હોય છે. માટીમાંથી ઘડો થવાનો નિશ્ચયકાળ હોય છે ત્યારે દંડ, ચક્ર, દોરી, કુંભાર વગેરે નિમિત્ત હાજર હોય છે. તેવી જ રીતે લોકમાં પુદ્ગલપરમાણુઓના દળ કર્મવર્ગણારૂપ થઈ ને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે જાતજાતની અવસ્થાઓમાં ભ્રમણ કરે છે તેને બાહ્યનિમિત્ત તરીકે અજ્ઞાની જીવ હોય છે. કર્મ તો સ્વયં બંધાય છે પણ તેમાં અજ્ઞાની જીવ–નિમિત્ત બને છે. જ્ઞાની પુરુષો કર્મબંધનમાં નિમિત્ત થતાં નથી.

'આ રાગ હું છું, પુણ્ય-પાપ હું છું...' એવો જેને સંશય, વિમોહ અને વિભ્રમરૂપ ભાવ છે, સ્વરૂપનું ભાન નથી એવા અજ્ઞાની જીવોને શરીરાદિમાં અહંબુદ્ધિ હોવાથી તેનું નિમિત્ત પામી કર્મ સ્વયં બંધાય જાય છે. પરમાણુમાં તો એવા કર્મપણે થવાની લાયકાત છે અને તેનો નિશ્ચયકાળ આવી ગયો છે તેથી કર્મપણે પરિણમે છે પણ તેમાં અજ્ઞાની જીવોના પરિણામ નિમિત્તરૂપે કારણ હોય છે. જ્ઞાનીને કર્મબંધ નથી અને તેના નિમિત્ત પણ જ્ઞાની નથી. [ ક્રમશઃ ]

# 卐 આત્માને જાણતાં સર્વ જાણાય છે 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૭ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. પ્રથમ અધિકારની આ ૧૦૧ ગાથા લેવાની છે. 'એક આત્માને જાણે તે સર્વને જાણે' એ માટે આગળ ચાર બોલ આવી ગયા છે.

૧. સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણે છે.

૨. નિર્વિકલ્પ શાંતિથી એક આત્માને જાણે ત્યાં રાગાદિ બધાં ભેદો પર છે એમાં બધાં ભેદોનું જ્ઞાન આવી જાય છે.

૩. ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણતાં અનુમાનજ્ઞાનમાં લોકાલોકનું પરોક્ષજ્ઞાન થઈ જાય છે. એ રીતે આખું લોકાલોક જ્ઞાનમાં જણાય જાય છે.

૪. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ધ્યાન કરતાં પ્રત્યક્ષજ્ઞાન—કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય તેમાં પૂર્ણ લોકાલોક પ્રત્યક્ષ જણાઈ જાય છે.

હવે ૧૦૧મી ગાથામાં આ જ વાતને દ્રષ્ટાંતથી સિદ્ધ કરે છે.

अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि-राउ ।
जोइय एत्थु म भंति करि एहउ वत्थु-सहाउ ॥ १०१ ॥

અર્થ :—જેમ, આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશિત કરે છે તેમ આત્મા પોતાને અને પરને પ્રકાશિત કરે છે. માટે હે યોગી! તેમાં ભ્રમ ન કર.

જ્ઞાનાનંદ ભગવાન આત્મા સ્વભાવથી પૂર્ણ સર્વજ્ઞસ્વભાવથી ભરેલો છે. તે ચોથા ગુણસ્થાનમાં જ્યાં સ્વસંવેદનજ્ઞાન થયું ત્યારથી એ પોતાને જાણતાં સર્વને જાણે છે. સર્વ ભેદોને જાણે છે. ભાવશ્રુતજ્ઞાનથી સર્વને જાણે છે અને કેવળજ્ઞાન થતાં તે લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. તેમાં ભ્રમ ન કર એટલે સંદેહ ન લાવ કે આત્મા એક સમયમાં બધાંને જાણે! આત્માનો સ્વભાવ જ એક સમયમા સર્વ જાણી લેવાનો છે.

જેની એક સમયની પર્યાયનો સ્વભાવ એવો છે કે સર્વને જાણે, તે આવો મોટો આત્મા ક્યાં સંતાઈ ગયો છે?—ક્યાંય સંતાયો નથી. પૂરી શક્તિ લઈને બિરાજમાન જ છે. તેનું ભાન થતાં જ તે પોતાની દશા પ્રમાણે સર્વને જાણે છે અને પૂર્ણ થતાં તો લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. એવો આત્માનો સ્વભાવ જ છે.

ભાવાર્થ :—જેમ, મેઘ એટલે વાદળા વગરના આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશે છે તેમ, વીતરાગનિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમયસારમાં લીન થઈને મોહરૂપ મેઘ-સમૂહનો નાશ કરીને આ આત્મા મુનિ અવસ્થામાં વીતરાગ સ્વસંવેદન-જ્ઞાનથી પોતાને અને પરને કંઇક અંશે પ્રકાશિત કરે છે પણ અરિહંત અવસ્થામાં કાર્યસમયસારરૂપ પરિણમન કરીને નિજ અને પરને બધાંને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પ્રકાશિત કરે છે. આ આત્મવસ્તુનો સ્વભાવ છે તેમાં સંદેહ ન સમજવો. અહીં સારાંશ એવો છે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતસુખરૂપ કાર્યસમયસાર છે તે જ આરાધવા યોગ્ય છે.

શું કહે છે? કે આત્મા જ્ઞાનાનંદસ્વભાવી પૂર્ણ શુદ્ધ વસ્તુ છે તે ત્રિકાળ કારણસમયસાર છે. તેમાં રાગરહિત અભેદ શાંતિરૂપકારણસમયસાર તે મોક્ષમાર્ગ છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગ નિર્વિકલ્પ શ્રદ્ધા અને રાગરહિત નિર્વિકલ્પ શાંતિ-સ્થિરતારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ તે પર્યાય છે છતાં અહીં તેને મોક્ષમાર્ગરૂપ કારણસમયસાર કહેલ છે. વસ્તુસ્વરૂપ તો ત્રિકાળ કારણસમયસાર છે જ પણ તેમાં લીનતાને પણ તે મોક્ષનું કારણ હોવાથી કારણસમયસાર કહેલ છે.

જેમ, (દૃષ્ટાંત) વાદળા ન હોય ત્યારે સૂર્ય બધાંને પ્રકાશે છે એમ કહ્યું તેમ અહીં મોહ એટલે પરમાં સાવધાનીનો ભાવ ન હોય ત્યારે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન વડે મુનિ સ્વપરને અંશે પ્રકાશવા લાગે છે. મૂળ ટીકામાં 'મુનિ'ની જગ્યામાં 'છદ્મસ્થ' શબ્દ વાપર્યો છે. છદ્મસ્થ એટલે ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના બધાં જીવો આવી જાય. આગળ આવી ગયું છે કે ચોથા ગુણસ્થાનથી જ આત્માને બીજના ચંદ્રમાં જેવું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય છે. તેને શાસ્ત્રનું જ્ઞાન હોય અને સ્વ-પર સંબંધી વિચાર હોય તે તો બધો વ્યવહાર છે. પંચમહાવ્રત હોય કે ભક્તિ આદિ હોય તે પણ વ્યવહાર છે. અનંતાનુબંધી આદિ ચાર કષાયમાંથી અનંતાનુબંધી એક નાશ પામ્યો અને ત્રણ કષાય હોવાથી સમકિતીને બીજના ચન્દ્રમા જેવો સામાન્ય પ્રકાશ હોય છે, વિશેષ જ્ઞાન હોતું નથી. પાંચમા ગુણસ્થાને બીજો કષાય જવાથી જ્ઞાનપ્રકાશ વધે છે. સ્થિરતા વધવાથી જ્ઞાનનું વેદન પણ વિશેષ છે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિને ત્રણકષાયનો અભાવ થવાથી સ્વસંવેદનજ્ઞાન અને તેમાં સ્થિરતા વિશેષ વધી જાય છે.

સંપ્રદાયવાળા તો દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિને જ ધર્મધ્યાન મનાવવા માંડયા છે. ભાઈ! ચિત્તની સ્થિરતા માટે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ હોય જ છે. તેની ના નથી પણ એ તો પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ ધર્મધ્યાન નથી. અંતરમાં જ્ઞાનનું જ્ઞાન થવું તે ધર્મધ્યાન છે. ધવલમાં પણ ઘણી વાત આવે છે. ચિત્ત સ્થિર કરવા માટે

ભક્તિ, ધારણા આદિ બધું હોય પણ તે કાંઈ મૂળ શ્રદ્ધા નથી, મૂળ જ્ઞાન નથી કે મૂળ સ્થિરતા નથી.

સત્ચિદાનંદ પ્રભુ આત્માને ધ્યાનનું ધ્યેય બનાવીને, જ્ઞાનમાં જ્ઞાનનું વેદન થવું, જ્ઞાન પ્રત્યક્ષપણે પોતાને વેદે એવો અંશ ચોથા ગુણસ્થાનથી જ પ્રગટ થઈ જાય છે. પરદ્રવ્ય કે તેના ધ્યેય વિના સ્વના ધ્યેયપૂર્વક સ્વનું ધ્યાન તે ધર્મધ્યાન છે. બાકી અશુભથી બચવા અને ચિત્તને સ્થિર કરવા પંચપરમેષ્ઠીનું ધ્યાન, ભક્તિ, વિચાર આદિ બધું હોય પણ તે વ્યવહાર છે, ધર્મ નથી.

છદ્મસ્થદશામાં ચોથા ગુણસ્થાનથી સ્વસંવેદન જ્ઞાન શરૂ થઈને તેમાં સ્થિરતાના પ્રકારો વધતાં જાય છે તો બારમા ગુણસ્થાન સુધીમાં સ્થિરતા વધી જાય છે અને વ્યાપ્તિજ્ઞાનથી પરને પણ જાણે છે પણ એ પ્રત્યક્ષજ્ઞાન નથી. છદ્મસ્થ પરોક્ષજ્ઞાનથી સ્વ-પરને જાણે છે.

આત્મદ્રવ્ય તો ત્રિકાળ કારણપરમાત્મા છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સુખ, અનંત વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા...આદિ અનંત શક્તિનો પિંડ— આત્મદ્રવ્ય તો ત્રિકાળ કારણપ્રભુ છે અને તેના આશ્રયે પ્રગટ થયેલી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાય મોક્ષફળનું કારણ હોવાથી તે પણ કારણસમયસાર છે અને મોક્ષ કાર્યસમયસાર છે.

ભગવાન આત્મા કેવળજ્ઞાનમય જ છે પણ તેનું ધ્યાન અને તેમાં સ્થિરતા કરતાં પ્રથમ અંશે સ્વ-પરને જાણે અને પછી પૂર્ણતા થતાં સ્વ-પરને એક સમયમાં પૂરા જાણી લે છે. એ આત્માનું કાર્યસમયસારરૂપ પરિણમન છે તે આત્માનો સ્વભાવ જ છે માટે તેમાં શંકા ન કરીશ. ભગવાન આત્મા નિ:સહાયપણે—પરની મદદ વિના એકલો પૂર્ણ કાર્યસમયસારપણે પરિણમે એવો તેનો સ્વભાવ છે. ત્રણકાળ ત્રણલોકને તે એક સમયમાં જાણે એવો તેનો સર્વજ્ઞસ્વભાવ જ છે માટે તેમાં ભ્રાંતિ ન કર કે આમ હશે! જે સ્વભાવ છે તેનું જ આ વ્યક્ત પરિણમન છે.

કુંદકુંદ આચાર્યે કહ્યું ને! જીવોએ બીજું તો બધું સાંભળ્યું, જોયું અને અનુભવ્યું છે પણ એક આત્માને તેણે કદી જાણ્યો, જોયો કે અનુભવ્યો નથી, સાંભળ્યો પણ નથી. સ્વથી એકત્વ અને પરથી વિભક્ત આત્માની વાત કદી સાંભળી નથી, આત્માનો પરિચય કદી કર્યો નથી તેથી આત્માનો અનુભવ પણ કદી થયો નથી. જગતમાં રહીને ઊંધા પરિચય અને અનુભવ કર્યા છે. કામ, ભોગની કથા સાંભળી છે તેનો જ રાગ કર્યો છે અને એ રાગને જ વેદ્યો છે. એ બધી જીવની દુ:ખદશા છે.

ભલે ઇન્દ્રના ઇન્દ્રાસન હોય, કરોડો અપ્સરાઓ હોય, સગવડતાના પાર ન હોય તોપણ જીવ દુઃખી છે. કેમ કે પર તરફના લક્ષે આકુળતા જ છે, તેના વેદનથી તે દુઃખી છે. આકુળતાના દુઃખને દેખીને પાછો વળે તે ખરેખર દુઃખથી થાકયો છે. શરીરમાં પ્રતિકૂળતા દેખીને પાછો વળે તે તો પ્રતિકૂળતાથી થાકયો છે.

ઉત્કૃષ્ટ પ્રતિકૂળતા સાતમી નરકના નારકીને છે અને ઉત્કૃષ્ટ અનુકૂળતા દેવલોકના દેવ શક્રેન્દ્રને છે. જેને ૩૨ લાખ તો વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવો છે તેનો સાહેબો—નાથ છે એટલે અર્ધલોકનો સ્વામી છે. કરોડો અપ્સરા છે, કદી રોગ થતો નથી, ક્ષુધા, તૃષાનું દુઃખ નથી. ઇચ્છા થાય ત્યાં અમૃત ઝરે છે. એવો જીવ પણ દુઃખી છે કેમ કે પરદ્રવ્યનો ઓશિયાળો છે. એની લાગણી પરાધીન છે. સ્વદ્રવ્યની ખબર નથી માટે તે દુઃખી છે. શક્રેન્દ્ર તો જ્ઞાની હોય છે તેથી તેને સ્વદ્રવ્યનું જ્ઞાન છે પણ જેટલી અસ્થિરતા છે એટલું દુઃખ તેને પણ છે.

સમકિતી દેવને પોતાનું ભાન હોવાથી બધો વૈભવ પર લાગે છે. આ મારું નહિ...નહિ...તેના પ્રત્યેનો ભોગનો વિકલ્પ ઊઠે તે પણ તેને દુઃખદાયક ભાસે છે. બે–બે સાગરના અસંખ્ય અબજો વર્ષના આયુષ્ય છે તે પ્રમાણે ત્યાં રહે છે પણ શાસ્ત્ર કહે છે કે તે દુઃખના અંગારામાં સળગે છે. પુણ્ય-પરિણામના ફળરૂપે આવેલી અનુકૂળતાનો રાગ પણ અંગારા સમાન છે તેમાં એ સળગે છે. ભગવાન આત્માના આશ્રય સિવાય જેટલો પરાશ્રિત વિકલ્પ ઊઠે છે તે અંગારા છે તેમાં એ શેકાય છે. ૩૨ લાખ વિમાન, કરોડો દેવી, બે સાગરની સ્થિતિ.. એ બધાં તરફની લાગણી એને અંગારા જેવી દુઃખદાયક લાગે છે. એવું જેને દુઃખ લાગ્યું છે અને સ્વભાવને શોધીને અંદરમાં જાય છે તેને આનંદ આવે છે. પ્રતિકૂળતાથી કંટાળે છે એ તો દ્વેષ છે, તેને કાંઈ ખરા દુઃખની ખબર નથી તેથી તે સ્વભાવને શોધતો નથી.

ચિદાનંદ ભગવાન આનંદકંદને મૂકીને જે બહારની અનુકૂળતામાં સુખ અને પ્રતિકૂળતામાં દુઃખ માને છે એ તો મૂઢ છે. કોઈ પરપદાર્થ સુખ કે દુઃખના કારણ નથી. આત્મપદાર્થ એક જ સુખનું કારણ છે, સુખનું ધામ છે. એ પદાર્થનું સ્વરૂપ છે. તેને માને તેણે પોતાના પદાર્થને જેમ છે તેમ જાણ્યો કહેવાય. બાકી, રાગ ઊઠે છે તે તો આસ્રવ છે, દુઃખદાયક છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. અન્ય પદાર્થો તો અજીવતત્ત્વ છે તેમાં પણ આનંદ નથી, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી, તે તો દુઃખના નિમિત્ત છે, તેના તરફની લાગણી પોતે દુઃખરૂપ છે. આત્મપદાર્થ તો સુખસ્વરૂપ છે, તેનો આશ્રય છોડીને જેટલો પરનો આશ્રય લે એટલું દુઃખ છે. એમ જાણીને જે દુઃખથી પાછો હટીને આત્માનું જ્ઞાન કરે, આત્માનો આશ્રય લે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણસમયસારના ફળમાં અર્હંત અવસ્થારૂપ કાર્યસમયસાર સ્વરૂપ પરિણમન કરીને કેવળજ્ઞાનથી સ્વ અને પર બંનેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પ્રકાશે છે. માટે કહ્યું કે સર્વજ્ઞ છે તે સર્વદ્રવ્યને, સર્વક્ષેત્રને, સર્વકાળને, સર્વભાવને એક સમયમાં જાણે છે. કોઈ એમ કહે કે 'સર્વજ્ઞ હોય પણ તે ત્રણકાળને ન જાણે' તો તે સર્વજ્ઞના સ્વરૂપને સમજ્યો જ નથી.

અહો! આવો મહાન પદાર્થ! જેની શક્તિનું અપારપણું કેવું કે તેની પ્રગટ દશામાં એક સમયમાં અપાર શક્તિ પ્રગટ થાય છે છતાં શક્તિનો પિંડ તો એવો ને એવો પડ્યો છે. તેની ખાણમાંથી ક્યારેય કાંઈ ખૂટે તેમ નથી. અખૂટ ખજાનો છે. અનંતકાળ સુધી અનંતુ નીકળ્યા કરે તોપણ તે ખૂટે તેમ નથી.

કોઈની પાસે અબજો રૂપિયા હોય અને લાખોની પેદાશ હોય તેને એમ થાય કે હું રોજના લાખ વાપરું તોપણ કદી ખૂટે તેમ નથી. પણ ભાઈ! તું અહીં કેટલો ટાઇમ રહેવાનો છો? અને લાખ વાપરતાં પણ તને શાંતિ ક્યાં છે! પૈસામાં ક્યાં શાંતિ હતી કે તેમાંથી તને શાંતિ મળે! અહીં તો એવી ખાણ છે કે જેમાંથી કેવળજ્ઞાનરૂપી રત્ન દરેક સમયે નીકળ્યા જ કરે...નીકળ્યા જ કરે પણ સાદિ અનંતકાળ એ ખાણમાંથી રત્ન ખૂટવાના નથી. પણ અરે! જીવોને આવા વસ્તુસ્વભાવની વાત બેસતી નથી તેથી જ આચાર્યને કહેવું પડ્યું કે 'આ આત્મવસ્તુનો સ્વભાવ છે તેમાં શંકા ન કરીશ.'

અરે! બહારમાં ક્યાંય સુખ નથી. ઇન્દ્રો પણ જેમાં શેકાય છે ત્યાં શેઠિયાની શું વાત! અનુકૂળતાની લહેરો ચાલી જતી હોય, એક પછી એક ચડિયાતી અનુકૂળતા મળતી રહેતી હોય પણ તેના તરફનો આશ્રિતભાવ દુઃખરૂપ છે તો પ્રતિકૂળતામાં તો દુઃખ છે જ. અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો પણ બંનેમાં પરાશ્રિતભાવ હોવાથી જીવ એ અગ્નિમાં શેકાય છે. પરદ્રવ્યનો વિચાર અને વિકલ્પ પણ દુઃખરૂપ છે. એક માત્ર સ્વભાવ સુખરૂપ છે જેમાંથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણનારું કેવળજ્ઞાન નીકળ્યા જ કરે એવી તારી ચૈતન્યખાણનો આશ્રય કર અને તેનો અનુભવ કર તો તને સુખ થશે. બાકી બધું થોથાં છે.

વસ્તુના સ્વભાવના માપ શા! અમાપ સ્વભાવના માપ ન હોય. બેહદ સ્વભાવને હદ ન હોય. એવા બેહદ અમાપ—અમાપ સ્વભાવની શ્રદ્ધા કર! શંકા ન કર! નિઃસંદેહ થઈને એવા સ્વભાવનો અનુભવ કર! વિકારની અગ્નિમાં શેકાવાનું રહેવા દે.

આ જગ્યાએ એવો સારાંશ છે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્યરૂપ કાર્યસમયસાર છે તે આરાધવા યોગ્ય છે એટલે કે પ્રગટ કરવા યોગ્ય છે.

કેવળ એટલે એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલું સુખ અને એકલું વીર્ય પ્રગટ કરવા લાયક છે એટલે કે દ્રવ્યમાં એકાગ્ર થવાલાયક છે. મોક્ષમાર્ગ પ્રગટ કરવા લાયક છે એમ ન કહ્યું કેમ કે મોક્ષમાર્ગ એ પ્રગટ તો કરવાનો છે પણ એટલામાં અટકવાનું નથી.

આગળ આ જ અર્થનો ફરી ખુલાસો કરવા માટે દ્રષ્ટાંત આપીને ૧૦૨મી ગાથા કહે છે.

तारायणु जलि बिंबियउ णिम्मलि दीसइ जेम ।
अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम ॥ १०२ ॥

અર્થ:—જેમ તારાઓનો સમૂહ નિર્મળ જળમાં પ્રતિબિંબિત થતો પ્રત્યક્ષ દેખાય છે તેમ, મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોથી રહિત સ્વચ્છ આત્મામાં સમસ્ત લોક-અલોક ભાસે છે.

એક ચન્દ્ર અને એક સૂર્યની સાથે છાસઠ હજાર નવસો પંચોતેર કોડાકોડી તારા ( ૬૬૯૭૫ કોડાકોડી ) હોય છે. તે તેનો એક પરિવાર કહેવાય છે. એક ચંદ્રની સાથે એક સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ કોડાકોડ તારા હોય છે તે એક પરિવાર થયો. એવા તો અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય હોય છે. અઢીદ્વીપની બહાર પણ ચન્દ્ર, સૂર્ય તો છે. કેવળજ્ઞાનમાં આ બધું જણાય છે. તેને કાંઈ ગણવું પડતું નથી. જેમ છે તેમ સહજ જણાય છે. અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ અને અનંત ભાવ એક સમયમાં જણાય ત્યાં બાકી શું રહે! એવો વસ્તુનો સ્વભાવ છે. તેમાં સંદેહ ન કર! હાથમાં રાખેલાં આંબળાની જેમ કેવળજ્ઞાનમાં બધું પ્રત્યક્ષ જણાય છે. એક દ્રવ્યના એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયનો આવો સ્વભાવ છે તે ગુણ અને એ દ્રવ્યનું શું કહેવું! અનંતને જાણે એવી એવી અનંત પર્યાયનો પુંજ અંદરમાં પડ્યો છે. અનંતને પણ અનંતથી ગુણો એટલી અનંતાઅનંત પર્યાયની યોગ્યતા અંદરમાં રહેલી છે. એ તારા સ્વભાવમાં એકાગ્ર થા! તેનું વેદન કર! તો કેવળજ્ઞાન થઈ જશે.

આ તો પરમાત્મપ્રકાશ ગ્રંથ છે ને!

જેમ રાત્રે જળમાં નજર કરીએ તો બધાં તારા તેમાં દેખાય છે, તારા સામે નજર કરવી પડતી નથી. તેમ જ્ઞાનની એક સમયની કેવળજ્ઞાન પર્યાયમાં લોકાલોક જણાય જાય છે. લોકાલોકની સામે નજર કરવી પડતી નથી. એવો તારી જ્ઞાનપર્યાયનો સ્વભાવ છે ભાઈ! રાગ-દ્વેષ એ તારો સ્વભાવ નહિ, શરીર અને સંયોગો તારા નહિ. તું તો આવો જ્ઞાનસ્વભાવી છો.

શ્રોતા :—આ ભવમાં એવું કેવળજ્ઞાન ક્યાં થઈ શકે તેમ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ભવમાં થાય છે, થયેલું છે અને થશે...કેવળજ્ઞાનને પ્રગટ કરનારું સ્વસંવેદનજ્ઞાન તો થઈ શકે છે ને! શ્રદ્ધામાં તો કેવળજ્ઞાન આવે છે ઇચ્છામાં કેવળજ્ઞાન છે અને મુખ્ય નિશ્ચયનયની અપેક્ષાએ તો કેવળજ્ઞાન વર્તે છે એમ પણ કહેવાય છે.

...પણ રાંકો થઈને બેઠો છે તેને આવું મોટું કેવળજ્ઞાન શ્રદ્ધામાં આવતું નથી તેથી આચાર્યને કહેવું પડ્યું કે શંકા ન કર, વસ્તુનો સ્વભાવ જ એવી જાતનો છે ભાઈ! સ્વભાવ જ એવો છે, લૌકિક દૃષ્ટિવાળાને તો પૈસામાં વધેલાં જ મોટા લાગે છે પણ તે તો ધૂળમાં વધ્યા છે. એ વધવું એ વધવું નથી. શ્રીમદ્દે કહ્યું ને! કે—

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો.
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
એનો વિચાર નહિ અહોહો એક પળ તમને હવો.

લક્ષ્મી વધી, અધિકાર વધ્યો-મોટી પદવી અને બિરુદ મળ્યાં, કુટુંબ વધ્યું તે પણ બધા રૂપાળા અને હોંશિયાર થયાં તોપણ કાંઈ વધ્યું નહિ? ના. એ બધા તારા નરદેહને હારી જવાના લક્ષણ છે. પણ અરે! તને તેનો કાંઈ વિચાર નથી. આ વૈભવ તને વૈભવ લાગે છે અને તારા સ્વભાવનો વૈભવ તને શ્રદ્ધામાં બેસતો નથી તું તો વૈભવનો ભંડાર છો.

કુંદકુંદ આચાર્ય કહે છે કે હું મારા વૈભવથી તને કહીશ એ તો પર્યાયના વૈભવની વાત છે પણ દ્રવ્યના વૈભવનું તો શું કહેવું! દિકરીને પરણાવે ત્યારે તેને કરિયાવર જોવા બધાંને બોલાવે છે; તેમાં તો કાંઈ જોવા લાયક નથી. જોવા લાયક તો આ ભગવાન તારો વૈભવ તને બતાવે છે તે જોવા જેવો છે. પહેલાં વૈભવ તો સાધારણ પુણ્યથી મળેલાં છે પણ આ તો શુદ્ધભાવથી મળેલો વૈભવ છે. સંસારના વૈભવ તો નિગોદમાંથી નીકળીને જીવ પામી શકે છે. જે તને બહુ કિંમતી લાગે છે એવા વૈભવ મળવા યોગ્ય પુણ્યનો બંધ તો નિગોદના જીવ પણ કરી શકે છે માટે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. નિગોદમાં તો દાનાદિના પરિણામ નથી છતાં સાધારણ શુભભાવના ફળમાં ત્યાંથી નીકળીને કરોડાપતિ રાજા થઈ શકે છે. એવી સંપદાની તને મહિમા આવે છે તો શુદ્ધભાવની સંપદા અને તે જેમાંથી આવે છે એવા સ્વભાવની સંપદાનું માહાત્મ્ય તને નથી આવતું:

આગળ ચાર બોલ કહ્યા હતાં તેના જ આ બધાં દૃષ્ટાંત છે. 'એક આત્મા

જાણે તે સર્વને જાણે! એક જ્ઞાનની પર્યાયમાં આખું લોકાલોક પ્રત્યક્ષ જણાય છે. એવો જ્ઞાનનો સ્વભાવ છે. એકને જાણતાં જગત જણાય એ ગાથાનો જ આ વિસ્તાર છે. 'જગત'ના ચાર પ્રકાર પાડ્યા કે એક આત્માને જાણતાં બીજું બધું પર છે એ પણ જણાય છે. આત્મા આનંદમય છે એવું જાણતાં આનંદની વિરુદ્ધ એ બધાં રાગના ભેદો જણાય જાય છે કે મારાં આનંદથી આ બધાં ભાવો જુદા છે માટે મારા નથી. શુદ્ધ આત્માને જાણવાની સાથે તેના વ્યાપ્તિજ્ઞાનથી આખા જગતનું અનુમાન આવી જાય છે અને જ્ઞાન પૂર્ણ થાય ત્યારે તો કેવળજ્ઞાનમાં સ્વ-પર બંને પૂર્ણપણે જણાય છે. આમ, એક આત્માને જાણતાં આખું જગત જણાય છે એમ સિદ્ધ કર્યું છે.

निर्मल आत्मनि—નિર્મળ એટલે મિથ્યાત્વ અને રાગાદિથી રહિત સ્વચ્છ આત્મામાં સમસ્ત લોકાલોક જણાય છે. રાગાદિથી મલિન આત્મામાં લોકાલોક જણાતું નથી.

ભાવાર્થ—આ વિષયનું વ્યાખ્યાન આગળ આવી ગયું છે તે પ્રમાણે અહીં પણ જાણવું. સાર એ છે કે જે બધાંનો જ્ઞાતા-દૃષ્ટા આત્મા છે તે ઉપાદેય છે. આ ગાથા આગળના ચાર બોલને જ દૃઢ કરે છે. 'એક આત્માને જાણતાં સર્વ જણાય છે.' પરમાત્મપ્રકાશ અલૌકિક છે.

હવે આગળ કહે છે કે જે આત્માને જાણવાથી બધાં પર પદાર્થ જણાય જાય છે એ જ આત્માને તું સ્વસંવેદનજ્ઞાનના બળથી જાણ!

अप्पु वि परु वि वियाणइ जें अप्पे मुणिएण ।
सो जिय-अप्पा जाणि तुहुँ जोइय जाण-बलेण ॥ १०३ ॥

જે આત્માને જાણવાથી એટલે સ્વસંવેદનજ્ઞાનવડે જાણવાથી સ્વ અને પર બધાં પદાર્થ જાણવામાં આવે છે તે પોતાના આત્માને હે યોગી! તું આત્મજ્ઞાનના બળથી જાણ! સ્વસંવેદનજ્ઞાનમાં જ જાતની ભાત પડે છે માટે જ તે સાચું જાણવું કહી શકાય. સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણે તો જ આત્માને જાણ્યો કહેવાય.

સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણવાથી સ્વ અને પર બધાં પદાર્થો જાણવામાં આવે છે. એકને જાણે તેને બધું જણાય છે પણ જે બધાંને જાણવાં જાય છે તેને કાંઈ જણાતું નથી. જ્ઞાનસ્વરૂપ પ્રભુને જાણવાથી પોતાનું સ્વરૂપ અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ બધું જાણવામાં આવી જાય છે. અહીં નિજઆત્માને જાણવાનું કહ્યું છે. અરિહંત, સિદ્ધના આત્મા તારી પાસે નથી પણ તારો આત્મા તો તારી પાસે જ—તું જ છો. તેને જાણ તો બધું જણાશે.

શેઠિયાનો (–દીપચંદજીનો) દીકરો ગુજરી ગયો ત્યારે તેણે મારા જ્ઞાન...મારા જ્ઞાન...ગાયું હતું ને! દીકરો મારો નથી, મારું તો જ્ઞાન છે. અહા! આ શરીરમાં હાડકાં વ્યવસ્થિત હાથ, પગ, કોણી, ગોઠણ વગેરેમાં કેવાં ગોઠવાઈ ગયા છે! —પણ એ સળગીને રાખ થઈ જવાના છે. જે માટી છે એ તો માટી જ રહે, શરીર તો જડનો સંચો છે. તેમાં રજકણે રજકણ સ્વતંત્રપણે પોતાથી કામ કરે છે તેને આત્મા ચલાવી શકતો નથી. બહારથી અવયવો સારા લાગે પણ તેના રજકણો કયાંકથી આવ્યા છે અને કયાંય ચાલ્યા જવાના છે, તારા થઈને રહેવાના નથી. ધૂળનું ઢીંગલુ વિખાઈ જવાનું છે. તું તો જ્ઞાનચક્ષુનો ધારી ચૈતન્યગુણધારી મહિમાવંત પ્રભુ છો તેને જાણે તેણે બધું જાણ્યું.

આવા આત્માને શેનાથી જાણવો? —આત્મજ્ઞાનના બળથી જાણવો એ કાંઈ વિકલ્પથી કે શરીરથી કે કોઈ નિમિત્તોથી જણાય તેવો નથી. કષાયની મંદતા કરવાથી પણ તે જણાય તેવો નથી. ચિદાનંદમૂર્તિ આત્મા એકમાત્ર જ્ઞાનબળથી જ જણાય તેવો છે માટે તું સમ્યગ્જ્ઞાનના બળ વડે આત્માને જાણ!

હે યોગી! તું તારા આત્માને જ્ઞાનબળથી જાણ એમ કહ્યું છે પણ શુભરાગના બળથી આત્માને જાણ કે વિકલ્પથી કે નિમિત્તથી કે તેના બળથી આત્માને જાણ એમ કહ્યું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુના બળથી પણ આત્મા નહિ જણાય. આત્મા તો સમ્યગ્જ્ઞાનના બળ વડે જ જણાશે.

ભાવાર્થ:— રાગાદિ વિકલ્પજાળથી રહિત સદા આનંદસ્વભાવી જે નિજ આત્મા તેને જાણવાથી સ્વ અને પર બંને જણાય છે. સદા આનંદસ્વભાવી એક નિજઆત્માને જાણવાથી બધું જણાય છે. સમ્યગ્જ્ઞાન થતાની જ સાથે જ અતીન્દ્રિય આનંદ પણ સાથે આવે છે. માટે હે યોગી! હે ધ્યાની! તુ તે આત્માને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ સુખરસના આસ્વાદથી જાણ અર્થાત્ તન્મય થઈને અનુભવ કર.

જ્ઞાનના બળથી આત્માને જાણતાં અનાકુળ અતીન્દ્રિય આનંદ પણ અનુભવમાં આવે છે. રાગમાં તો આકુળતા હતી, વિકલ્પ ઉઠે છે તે જ આકુળતા છે, દુઃખ છે અને જ્ઞાનમાં તો જ્ઞાનની સાથે આનંદ પણ છે તેમાં તન્મય થઈને આત્માનો અનુભવ કર. આત્માના આનંદનો સ્વાદ લઈને આત્માને જાણ! આકુળતામાં તો અનંતકાળ ગાળ્યો પણ તેનાથી કદી આત્મા જણાયો નહિ. ખરેખર, આકુળતા અને પરનું જ્ઞાન એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. શુભાશુભભાવ અને પરને જાણનાર ઉઘાડજ્ઞાન ઘણું દેખાય પણ તે કાંઈ વસ્તુ નથી, તેમાં આત્માનું જ્ઞાન કે સુખ નથી, તેમાં તો આકુળતા

છે. માટે ત્યાંથી ખસી, સ્વ તરફ ઢળી આત્માના અનાકુળ આનંદ સહિત આત્માને જાણ! તેમાં જ્ઞાનનું બળ છે, પરના જ્ઞાનમાં તો આકુળતા છે.

ગાથાદીઠ વાત નવી નવી કરે છે. એનું એ લાગે પણ દરેક ગાથામાં નવો ભાવ આવે છે. આ ગાથામાં એ આવ્યું કે પરના જ્ઞાન સાથે આકુળતા છે અને સ્વના જ્ઞાનમાં નિરાકુળ અતીન્દ્રિય આનંદ છે માટે સ્વસંવેદનજ્ઞાન—પોતાથી પોતાના આત્માનું જ્ઞાન જ સારભૂત છે. આવો ઉપદેશ શ્રી યોગીન્દ્રદેવે પ્રભાકર ભટ્ટને આપ્યો છે. તે જ બધાંને લાગુ પડે છે. બધાએ આવું આત્મજ્ઞાન કરવું તે જ સાર છે.

[ ક્રમશઃ ]

મુંબઈનગરીના પાર્લા ઉપનગરમાં
શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનાલયનો
સાનંદ ઉજવાયેલો

## 卐 વેદી–શિલાન્યાસ–મહોત્સવ 卐

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે શ્રી મુંબઈ મહાનગરીના પાર્લા ઉપનગરનમાં, જિનેન્દ્ર–અધ્યાત્મમાર્ગ–પ્રવર્તક પરમ–તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમના ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના અસીમ ધર્મોપકારપ્રતાપે, શ્રી મહાવીર–કુંદકુંદ–કહાન–અધ્યાત્મ-શુદ્ધામ્નાયાનુયાયી શ્રી કુંદકુંદ–કહાન–દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા–સાંતાક્રૂઝ (મુંબઈ) દ્વારા નિર્માણાધીન ૧૦૦૮ વિદેહીનાથ શ્રી સીમંધર સ્વામી દિગમ્બર જિનાલયની વેદીનો શિલાન્યાસ જેઠ સુદ ૫ (શ્રુતપંચમી), બુધવાર, તા. ૨૨–૫–૯૬ના રોજ સવારે ૧૫૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સમ્પન્ન થયો. આ મંગલ અવસરે જિનાલય-નિર્માણ કાર્ય માટે અનેક મુમુક્ષુઓ દ્વારા ટ્રસ્ટને આઠ લાખ રૂપિયાની આવક થઈ હતી.

[ તા. ૩-૬-૯૬ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા
સવારે ૮–૩૦ થી ૯–૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન
સવારે ૯–૪૫ થી ૧૦–૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ
બપોરે ૩–૩૦ થી ૪–૩૦ : 'શ્રી પ્રવચનસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન
બપોરે ૪–૩૦ થી ૪–૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪–૪૫ થી ૫–૩૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮–૦૦ થી ૯–૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમાધિતંત્ર' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

### * અમેરિકામાં મુમુક્ષુઓ દ્વારા ઉજવાયેલ ૧૦૭મી કહાનગુરુ-જન્મજયંતી *

અમેરિકાના 'MOUNT PROSPECT' શહેરથી શ્રી જ્યોતીન્દ્ર એન. દોશીએ પોતાના પત્ર દ્વારા જણાવ્યું છે કે—ત્યાંના મુમુક્ષુઓએ પૂજા, ભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના પૂર્વક અત્યંત આનંદોલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી કલ્યાણકારી જન્મજયંતી ઉજવી હતી. અમેરિકાવાસી મુમુક્ષુઓને જણાવવાનું કે ભવોદધિતારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઓડિયો / વિડિયો–ટેપ માટે શ્રી જ્યોતીન્દ્ર એન. દોશીનો સમ્પર્ક કરે. તેમનું એડ્રેસ :— 513, E, LINCLON STREET; MOUNT PROSPECT;
IL 60056-3329 U. S. A.

### * પૂજ્ય બહેનશ્રીનો ૮૩મો જન્મોત્સવ *

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૮૩મો મંગલકારી જન્મોત્સવ આગામી શ્રાવણ સુદ ૯, શુક્રવાર, તા. ૨૩–૮–૯૬ થી શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૩૦–૮–૯૬—આઠ દિવસ સુધી કહાનગુરુ–સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢના ટ્રસ્ટી તથા મંત્રી શ્રી ચિમનલાલભાઈ ઠાકરશી મોદી–પરિવાર તરફથી વિશેષ આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* સંબલપુરનિવાસી ( હાલ-મુલુંડ ) શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ દેસાઈ ( વર્ષ-૬૦ ) તા. ૨૫-૧૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી શ્રી કાંતાબેન રતિલાલ શાહ ( વર્ષ-૭૨ ) ફાગણ સુદ ૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રણાસણનિવાસી ડૉ. શ્રી છગનચંદ રેવચંદ શાહ (વર્ષ-૮૧) તા. ૨૦-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* આફ્રિકાનિવાસી ( હાલ-અમદાવાદ ) શ્રી શાંતિલાલ મેઘજી ધનાણી ( -તે સોનગઢનિવાસી શ્રી વીરચંદભાઈ માલદેના જમાઈ) ( વર્ષ-૭૦ ) તા. ૨૬-૩-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢ અવારનવાર આવીને લાભ લેતા હતા.

* સુરેન્દ્રનગરનિવાસી ( હાલ-થાણા ) શ્રી બાલચંદભાઈ કસ્તુરચંદભાઈ શાહ ( વર્ષ-૮૦ ) તા. ૨૭-૩-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી ( હાલ-અમદાવાદ ) શ્રી મંછાબેન વીરચંદભાઈ મોટાણી ( વર્ષ-૭૨ ) તા. ૧૦-૪-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વરસો સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો.

* માટુંગા ( મુંબઈ ) નિવાસી શ્રી સુહાસીનીબેન ભૂપેન્દ્રભાઈ કામદાર તા. ૧૨-૪-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દાદર મંદિરે નિયમિત દેવદર્શન તથા શ્રવણનો લાભ લેતા હતા.

* જામનગરનિવાસી ( હાલ-ભાવનગર ) શ્રી હંસાબેન ધીરજલાલ તંબોળી ( વર્ષ-૭૨ ) તા. ૨૬-૪-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં વરસો સુધી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વશ્રવણ તથા દેવ-દર્શન-પૂજા-ભક્તિનો તેમણે ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વ-અભ્યાસી તથા તત્ત્વરુચિવંત હતા. વઢવાણ પંચકલ્યાણક પ્રતિષ્ઠા વખતે ભગવાનના માતા બનવાનો અપૂર્વ લાભ લીધો હતો.

* જામનગરનિવાસી શ્રી માનકુંવરબેન ખેતશીભાઈ શાહ ( તે બ્ર. શ્રી લલિતાબેનના માતુશ્રી ) ( વર્ષ-૮૭ ) તા. ૨૭-૪-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. જામનગર દિગંબર જૈન પાઠશાળામાં બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવાનું કાર્ય ઘણા વર્ષો સુધી સંભાળેલ હતું. તેઓ તત્ત્વ અભ્યાસી હતા.

* લીંબડીનિવાસી (હાલ મલાડ) સ્વ. શાંતિલાલ ગુલાબચંદ શાહ (વર્ષ-૬૪) બસ-એકસીડન્ટથી તા. ૧-૫-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢ અવાર-નવાર લાભ લેવા આવતા હતા.

* ખૈરાગઢનિવાસી શ્રી ઘેવરચંદજી છાજેડ (બ્ર. જમનાબેનના પિતાશ્રી) તા. ૧-૫-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી (હાલ સોનગઢ) શ્રી ચીમનભાઈ મગનલાલ શેઠ (વર્ષ-૯૭) તા. ૭-૫-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વરસો સુધી નિયમિત સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. છેલ્લા કેટલાક વરસોથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો લાભ લેતા હતા. જાગૃતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## * મોત માથે ભમે છે *

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-ડાકતરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મારાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. —પૂજ્ય બહેનશ્રી

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત. મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું—એમ સ્વ-વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે. ૧૯.

* સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદષ્ટિ છે તે યથાર્થ વાત છે. ૨૦.

* પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું. ૨૧.

* અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો. ૨૨.

* વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે. ૨૩.

* ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર્ સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે! ૨૪.

## આવશ્યક સૂચના

ગુજરાતી "આત્મધર્મ"નું વાર્ષિક લવાજમ આ અંકથી પૂરું થાય છે. વાર્ષિક-ગ્રાહકોએ જુલાઈ-૯૬ થી જૂન-૯૭ સુધીના નવા વર્ષનું લવાજમ રૂા. ૯=૦૦ અથવા તો પોતાની ભાવિ પેઢીને પણ લાભ મળતો રહે તે માટે આજીવન-સભ્ય બનવા રૂા. ૧૦૧=૦૦ "શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪ ૨૫૦, જિલ્લો-ભાવનગર" ઉપર તુરત મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A ૨૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ
" આનંદ મંગલમ્ " વાસણના વેપારી,
મારવાડા, પિપળીયું, મુ. ૪૩૨૬૬